# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) **બનાસકાંઠાના ડીસાના ફટાકડાના ગોડાઉનમાં થયેલી દુર્ઘટનામાં મૃત્યુઆંક 18 એ પહોંચ્યો; બેની ધરપકડ**
2) **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હડતાલ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓને 4 એપ્રિલ સુધી ફરજ પર હાજર થવા ચેતવણી આપી**
3) **અમદાવાદના સાબરમતી આશ્રમના પુનઃવિકાસ અંગે તુષાર ગાંધીની અરજી પર સુનાવણી કરવાનો સર્વોચ્ચ અદાલતનો ઇનકાર**
4) **દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં વાતાવરણમાં પલટા સાથે કમોસમી વરસાદ**
5) **ઇટલીમાં યોજાયેલી સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર ગેમ્સમાં ગુજરાતની બે મનોદિવ્યાંગ ખેલાડીઓને કાંસ્ય ચંદ્રક**

..........................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BANASKANTHA DEATH

બનાસકાંઠાના ડીસાના ફટાકડાના ગોડાઉનમાં થયેલી દુર્ઘટનામાં મૃત્યુઆંક 18 એ પહોંચ્યો છે. ઘટના અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક વ્યકત કરતાં મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી હતી.

ઘટના અંગે રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ ફેક્ટરીમાં લાયસન્સ વિના ફટાકડા સ્ટોરેજ કરવામાં આવ્યા હતા, જેનું લાયસન્સ પણ રિન્યૂ કરાયું ન હતું. શ્રી પટેલે જણાવ્યું કે ઘટના અંગે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે.

(બાઇટ: ઋષિકેશ પટેલ)

દરમિયાન, કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે આ ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની ચિંતા કરવા સરકારને અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે બનાસકાંઠાના ડીસાના ગોડાઉનમાં ફટાકડા બનાવવાની કામગીરી દરમિયાન અચાનક વિસ્ફોટ થતાં 18 શ્રમિકોના મોત થયા હતા.

# RUSHIKESH PATEL STRIKE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓને 4 એપ્રિલ સુધી ફરજ પર હાજર થવા ચેતવણી આપી છે. શ્રી પટેલે જણાવ્યું કે આરોગ્ય કર્મચારીઓની હડતાળ બાબતે 15 દિવસથી ચર્ચા ચાલી રહી છે. તેમણે જણાવ્યું કે ગ્રેડ પેમાં 7 હજાર કેડર છે અને પગાર વધારો સરકારની વિચારણા હેઠળ છે. શ્રી પટેલે ઉમેર્યું કે સંગઠનના નેતાએ સમજવું જોઈએ કે કર્મચારીઓને નુકશાન થશે તો જવાબદારી કોણ લેશે.

# CM-NFSU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, યુવાઓમાં ધગશ અને ઈચ્છા શક્તિ હોય તો ભાષાકીય અવરોધ આવતો નથી. ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- NFSU ખાતે ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધાનાં ઈનામ વિતરણ સમારોહમાં શ્રી પટેલે કહ્યું, સંસ્કાર સિંચનના કાર્યમાં યુવાઓની ભાગીદારી ખૂબ જરૂરી છે. શ્રી પટેલે રાજ્યકક્ષાની સ્પર્ધાના પ્રથમ ક્રમે આવનાર કેશોદનાં કિર્તીબેન સુત્રેજાને ટ્રોફી અને એક લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર એનાયત કર્યો હતો. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ કહ્યું, યુવાનોએ તેમનામાં રહેલી શ્રેષ્ઠ ઊર્જાનો ઉપયોગ દેશને વધુ સમૃદ્ધ બનાવવા કરવો જોઈએ.

# SC-SABARMATI

સર્વોચ્ચ અદાલતે, ગુજરાત સરકાર દ્વારા અમદાવાદના સાબરમતી આશ્રમને પુનઃવિકાસ માટે હસ્તગત કરવા સામે મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ દાખલ કરેલી અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો છે. આશ્રમનાં પુનઃવિકાસને મંજૂરી આપતા વર્ષ 2021નાં ઠરાવને રદ કરવાનો ઇનકાર કરતા ગુજરાત વડી અદાલતનાં ચૂકાદા સામેની સ્પેશ્યલ લિવ પિટિશનને અદાલતે ફગાવી દીધી હતી.

ફરિયાદીએ દલીલ કરી હતી કે સરકારનું પગલું ગાંધીવાદી સિધ્ધાંતોની વિરુધ્ધ છે અને તેનાંથી બંધારણીય જોગવાઇઓનો ભંગ થાય છે. તેમણે જણાવ્યું કે, મહાત્મા ગાંધીએ સાદગી, આત્મનિર્ભરતા અને સામુદાયિક જીવનને ધ્યાનમાં રાખીને સ્વયં આશ્રમનું નિર્માણ કરાવ્યું હતું અને તેનો પુનઃવિકાસ ગાંધીજીનાં વારસાને નબળો પાડી શકે તેમ છે.

અરજકર્તાએ દલીલ કરી કે, 1933માં ગાંધીજીએ વંચિતોનાં લાભ માટે આશ્રમ હરિજન સેવક સંઘને સોંપ્યો હતો. ગુજરાત સરકારની યોજના આશ્રમનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક મૂલ્યનું અપમાન કરે છે. સર્વોચ્ચ અદાલતે અરજી ફગાવતા હવે આશ્રમનું પુનઃવિકાસ કાર્ય આગળ વધશે.

# NARMADA PARIKRAMA - MEDICAL CAMP

**નર્મદા જિલ્લામાં નર્મદા ઉત્તરવાહિની પરિક્રમા ચાલી રહી છે ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક આરોગ્ય સારવાર માટે ડોક્ટર, સ્ટાફનર્સ એમ્બ્યુલન્સ વાન વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા પરિક્રમા પથ પર સાત જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. આરોગ્ય સ્ટાફ ૨૪ કલાક પરિક્રમાવાસીઓ માટે ખડે પગે સેવા આપી રહ્યા છે. ઉલેખનીય છે કે, ગુજરાત સહિત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યમાંથી શ્રદ્ધાળુઓ આ પરિક્રમામાં ભાગ લઈ રહ્યા છે. આ વિષે વધુ માહિતી આપે છે મેડિકલ ઓફિસર ડૉ.પ્રવીણભાઈ વસાવા**

(બાઈટ : ડૉ.પ્રવીણભાઈ વસાવા - મેડિકલ ઓફિસર)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WEATHER

હવામાન વિભાગની અગાહીને પગલે દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં આજે વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ડાંગ અને વલસાડ જિલ્લામાં વહેલી સવારે  વરસાદના અહેવાલ છે. કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતામાં મુકાયા હતા. ત્યારે જિલ્લા ડાંગ જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુભાઈ પટેલે ખેડૂતોને સૂચનાઓ આપી હતી.

(બાઇટ: બાલુભાઈ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી)

હવામાન વિભાગે આવતીકાલે કચ્છ, પોરબંદર, ભાવનગર અને દીવમાં હિટવેવની આગાહી કરી છે. પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે આવતીકાલે સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર તેમજ વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, ડાંગ, સહિત દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, અને ગીર સોમનાથમાં મધ્યમ વરસાદની શક્યતા છે. રાજ્યમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 23 ડિગ્રી સેલ્સિયસ જોવા મળી શકે છે. તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા ઓછી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

# SINHO MATE PANI NA POINT - DHARI

ઉનાળાની અસહ્ય ગરમીમાં વન્યપ્રાણીઓ એશિયાઈ સિંહ અને અન્ય માટે અમરેલી જિલ્લામાં ધારી ગીર પૂર્વ વનવિભાગ દ્વારા પીવાના પાણી માટે 250 પોઈન્ટ ઊભા કરી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પાણીના ટેન્કર, પવનચક્કી જેવા સાધનો વડે જંગલ વિસ્તાર સાથે રેવેન્યુના વિસ્તારોમાં સિંહો પાણી માટે ભટકે નહિ તે અંગે ધારી વનવિભાગ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. આ વિશે વધુ માહિતી આપે છે ધારી ગીર નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ

(બાઈટ : વિકાસ યાદવ - ડીસીએફ ધારી ગીર)

# ANAND NDDB CONFERENCE

આણંદ સ્થિત રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ- NDDB ખાતે ભારતીય ખેતી સંશોધન પરિષદ-ICARનું વાર્ષિક પરિષદ યોજાઇ ગઈ. કેન્દ્ર સરકારના પશુપાલન અને ડેરીઉદ્યોગ વિભાગના સચિવ અલ્કાબેન ઉપાધ્યાયે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતુ. આ કાર્યક્રમમાં 32 દેશોમાંથી 200 આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જેમાં શૈક્ષણિક ક્ષેત્રના લોકો, સંશોધકો, ડેરી પ્રોફેશનલ, ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં ICARના સભ્યોએ દૂધાળા પશુઓની સસ્ટેનેબિલિટીને વધારવા માટેના ટૂલ્સ વિકસાવવાની જાહેરાત કરી હતી.

# MORBI DAM

મોરબી જિલ્લાના મચ્છુ-2 ડેમમાંથી આવતીકાલે પાણી છોડવામાં આવશે. મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે ડેમના સમારકામ અને દરવાજા બદલાવાના હોવાથી આવતીકાલે સાંજે 4 વાગ્યે બે દરવાજા 2 ફૂટ પર ખોલવામાં આવશે અને એક હજાર 300 ક્યુસેકથી 3 હજાર 500 કયુસેક જેટલું પાણી છોડવામાં આવશે. જેને પગલે મોરબી તાલુકાના 20 અને માળીયા તાલુકાના 9 ગામોને એલર્ટ કરાયા છે.

# APMC

માર્ચ મહિનાના અંતિમ છ દિવસ સુધી બંધ રહેલા રાજ્યના માર્કેટ યાર્ડ આજથી ફરી શરૂ થયા છે. પાટણ માર્કેટ યાર્ડ આજે શરૂ થતાં ખેડૂતોના રવિ પાકોની હરાજી કરવામાં આવી હતી. જેમાં રાયડો, ઘઉં, એરંડા સહિતના રવિ પાકોની વેપારીએ હરાજી કરી હતી. આજે પ્રથમ દિવસે એરંડાની સૌથી વધુ 7 હજાર બોરીની આવક થઈ હતી તેમ માર્કેટ યાર્ડ સેક્રેટરી ઉમેદભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

# SPECIAL OLYMPIC GUJARAT

ઇટલીમાં યોજાયેલી સ્પેશિયલ ઓલિમ્પિક્સ વર્લ્ડ વિન્ટર ગેમ્સમાં ગુજરાતની બે મનોદિવ્યાંગ ખેલાડીઓએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. મહેસાણાના આશા ઠાકોર અને દાહોદના પિન્કલ ચૌહાણે ફ્લોરબૉલ રમતમાં કાંસ્ય ચંદ્રક જીતીને ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે. ઉલ્લેખનીય છે કે આશા ઠાકોર અને પિન્કલ ચૌહાણ છેલ્લાં 15 વર્ષથી રાજ્ય સરકાર દ્વારા આયોજિત વિશેષ ખેલ મહાકુંભમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે.